ગાંધીનગર સમાચાર

રાજપથ પર આજે ઐતિહાસિક યોગ દિવસ ઉજવાશે

નવી દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગા દિવસનું આવતીકાલે નેતૃત્વ કરવા તૈયારી કરી ચુક્યા છે. આવતીકાલે યોજનાર આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. મુખ્ય કાર્યક્રમ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ઐતિહાસિક રાજપથ ખાતે યોજનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૬.૪૦ વાગે સ્થળ પર પહોંચી જશે. ત્યારબાદ થોડી મિનિટ સુધી ઉપસ્થિત રહેલા લોકોને સંબોધશે. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત થઈ જશે. ૩૫ મિનિટ સુધી આ કાર્યક્રમ ચાલશે. આ કાર્યક્રમની શરૂઆત સાત વાગે થઈ જશે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ કાર્યક્રમને લઈને બાજપ સરકારે જોરદાર તૈયારી છેલ્લા કેટલાક દિવસથી જારી રાખી હતી. સૌથી મોટા યોગા કાર્યક્રમ તરીકે રાજપથના કાર્યક્રમને જોવામાં આવે છે. યોગ ગુરૂ બાબા રામદેવ સહિતની હસ્તીઓ આમાં ભાગ લેનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ૫૦ દેશોના ૧૦૦થી વધારે વિદેશી લોકો પણ ભાગ લેનાર છે. રાજપથ ખાતે ૧૪૦૦ મીટરના પટ્ટામાં ૩૭૦૦૦ યોગા મેટ ગોઠવી દેવામાં આવી છે. સરકારી અધિકારીઓ અને પ્રધાનો પણ આમાં જોડાનાર છે. દેશના અન્ય ભાગોમાં પણ કાર્યક્રમમાં લોકો જોડાનાર છે. વિવિધ રાજ્યોમાં પણ યોગ દિવસને શાનદારરીતે મનાવવા માટેની તૈયારી જોરદારરીતે હાલમાં ચાલી રહી હતી. રાજપથ ખાતે ૪૦ હજારથી વધારે લોકો એકત્રિત થનાર છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બોલિવુડની કેટલીક હસ્તીઓ પણ સામેલ છે. રાજપથ ખાતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ૨૧મી જુનને મનાવવા માટે સંયુક્ત રાષ્ટ્રે મંજૂરી આપી દીધા બાદ ભારતની મોટી સફળતા છે. જેથી હવે આવતીકાલે દેશભરમાં પણ આની ઉજવણી કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજપથ ઉપર યોગ દિવસે પોતે ઉપસ્થિત રહેનાર છે અને યોગમાં ભાગ પણ લેનાર છે. આવી સ્થિતિમાં દૂરદર્શને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસારણ માટે ભવ્ય તૈયારીઓ હાથ ધરી છે. જે રીતે પ્રજાસત્તાકદિવસની ઉજવણીની ભવ્ય તૈયારી કરવામાં આવે છે અને પ્રસારણ કરવામાં આવે છે તે જ રીતે ઐતિહાસિક રાજપથ ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય યોગદિવસના કાર્યક્રમના પ્રસારણ માટે દૂરદર્શને કમર કસી લીધી છે. ૨૧મી જૂનના દિવસે કાર્યક્રમના પ્રસારણ માટે દૂરદર્શન ૨૦થી વધુ હાઈડેફિનેશન કેમેરાઓ ગોઠવી દીધા છે. આયુષ પ્રધાન શ્રીપદ નાયકે માહિતી આપતા કહ્યું છે કે, મોદી ૬.૪૦થી લઈને ૭ વાગ્યા સુધી ઉપસ્થિત લોકોને સંબોધન કરશે. મોદીની સાથે યોગગુરુ બાબા રામદેવ પણ મંચ ઉપર રહેશે. હજારો લોકો જુદા જુદા આસનોમાં ભાગ લેનાર છે.

સમગ્ર દિલ્હી લશ્કરી છાવણીમાં ફેરવાયું

નવી દિલ્હી,તા.૨૦

ઐતિહાસિક રાજપથ ઉપર મુખ્ય યોગ દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાનાર છે જેથી સમગ્ર દિલ્હી લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયું છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. દિલ્હી પોલીસ અને અન્ય સુરક્ષા સંસ્થાઓના જવાનો ચારેબાજુ ગોઠવાઈ ગયા છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા છે. બીજી બાજુ ઐતિહાસિક રાજપથ ખાતે આયોજિત મુખ્ય કાર્યક્રમમાં લોકોની સુરક્ષા માટે હવે ઓપરેશન ડોગા નામથી નવુ ઓપરેશન હાથ ધરવામા આવ્યું હતુ. અર્ધલશ્કરી દળ આઈટીબીપીના શોધખોળમાં કુશળ અને તાલીમ પામેલા ડોગની ટીમ પણ આમાં સામેલ કરવામાં આવી છે. દિલ્હી હમેંશા ત્રાસવાદીઓના હિટ લિસ્ટમાં રહે છે. આવી સ્થિતીમાં મોટી સંખ્યામાં લોકો હોવાથી ખતરો વધી જાય છે. જેથી દિલ્હી પોલીસ અને સુરક્ષા સંસ્થાઓ દ્વારા પહેલાથી જ તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવી ચુક્યા છે. આ ઉપરાંત કોઈ અરાજકતા ન સર્જાય તે માટે પણ પગલા લેવામાં આવી ચુક્યા છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ટ્રાફિક નિયમોમાં ફેરફાર કરાયા છે.

સ્પાઈસ જેટની ફ્લાઈટોમાં યોગ સેશનનુ આયોજન થયુ

નવી દિલ્હી,તા. ૨૦

૨૧મી જુનના દિવસે વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે કેટલીક સંસ્થાઓ પણ આની ઉજવણી પોત પોતાની રીતે કરનાર છે. સ્પાઈસ જેટ દ્વારા વિમાનમાં જ યોગ સેશનના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. શુક્રવારના દિવસે નવી દિલ્હી-ગુવાહાટી ફ્લાઈટમાં યોગ સેશનનુ આયોજન કરવામાં આવી રહ્યું હતુ. પ્રાપ્ત અહેવાલ મુજબ સદગુરૂના ઈશા ફાઉન્ડેશનના યોગ ઈન્સ્ટ્રકટરોને આના માટે રોકવામાં આવ્યા છે. જેના ભાગરૂપે સ્પાઈસ જેટની કેટલીક પસંદગીની બોઈંગ ફ્લાઈટમાં ૧૦ મિનિટ માટે યોગ સેશનના કાર્યક્રમ યોજનાર છે. આવતીકાલે કેટલીક ફ્લાઈટમાં ૩૫૦૦૦ ફુટની ઉંચાઈએ યોગ કાર્યક્રમ યોજાશે.

સોનિયા ગાંધી, રાહુલને પણ આમંત્રણ અપાયુ

કેજરીવાલ અને સિસોદિયા યોગ દિવસમાં હાજર રહેશે

નવીદિલ્હી, તા.૨૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ રાજપથ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણીમાં ભાગ લેનાર છે. અરવિંદ કેજરીવાલની સાથે નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા પણ ઉપસ્થિત રહેશે. નરેન્દ્ર મોદી સરકારે આ મહિનાની શરૂઆતમાં જ કેટલાક રાજકારણીઓને આમંત્રણ મોકલ્યા હતા જેમાં કેજરીવાલ, કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી, પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધીનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારે તમામ સંસદ સભ્યોને પણ આમંત્રણ આપ્યું હતું. તમામ કેન્દ્રીય પ્રધાનો પણ હાજરી આપનાર છે.

સંયુક્ત રાષ્ટ્રે ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ૨૧મી જૂનના દિવસને આંતરરાષ્ટ્રીયયોગ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. ૧૭૭ દેશોએ મતદાનની તરફેણ કરી હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને તૈયારીઓ પણ ઘણા દિવસથી ચાલી રહી હતી.

જુદી જુદી કોલેજો અને એનસીસી કેડેટના લોકો આમા ભાગ લેનાર છે. તમામ લોકો તૈયારી પહેલાથી કરી ચુક્યા છે. સરકારી અધિકારીઓ, સંરક્ષણ દળના અધિકારીઓ અને જવાનો પણ આમા ભાગ લેશે. પ્રાચીન યોગાને લઈને મહત્વને સમજાવવામાં પણ આવશે.

સુષ્મા સ્વરાજના રાજીનામાની એએપી દ્વારા જોરદાર માંગણી

નવીદિલ્હી,તા.૨૦

વિદેશમંત્રી સુષ્મા સ્વરાજના

રાજીનામાને લઈને વિરોધ પક્ષો હાલ ધાંધલ ધમાલ જારી રાખે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આજે પણ વિરોધ પક્ષોએ બ્રિટિશ પ્રવાસ દસ્તાવેજો હાસલ કરવા પૂર્વ આઈપીએલ ચેરમેન લલિત મોદીને મદદ કરવાના મામલામાં સુષ્મા સ્વરાજ ઉપર આક્ષેપનો મારો જારી રાખ્યો હતો. આમ આદમી પાર્ટીની યુવા પાંખે પણ આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં તેમના નિવાસસ્થાનની બહાર જોરદાર દેખાવો કર્યા હતાઅને તેમની સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.

નોંધનીય છે કે, સુષ્મા સ્વરાજ આજે સવારે જ ન્યુયોર્ક જવા માટે રવાના થઈ ગયા હતા જ્યાં તેઓ સંયુક્ત રાષ્ટ્રમાં ઈન્ડિયન મિશન દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં ભાગ લેશે. એએપીના નેતા આશુતોષે માહિતીઆપતા કહ્યું છે કે, સુષ્મા સ્વરાજ અને વસુંધરા રાજેના પ્રકરણથી ભાજપનો અસલી ચહેરો સપાટી ઉપર આવી ગયો છે. સુષ્માના નિવાસસ્થાનની બહાર જોરદાર દેખાવના પરિણામ સ્વરુપે પહેલાથી જ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. તેમના નિવાસસ્થાનની બહાર બેરીકેડ પણ મુકી દેવામાં આવ્યા હતા. એએપીના ધારાસભ્ય સહિત ૩૦૦થી પણ વધારે એએપીના કાર્યકરોએ દેખાવો કર્યા હતા. મધ્ય દિલ્હીમાં સુષ્મા સ્વરાજના આવાસની બહાર મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેની હકાલપટ્ટીની માંગ પણ કરવામાં આવી હતી.

મલાડ લઠ્ઠાકાંડ : મૃતાંક વધી ૮૧ ઉપર પહોંચતા ચકચાર

મુંબઈ, તા.૨૦

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં મલાડ ખાતે સર્જાયેલા લઠ્ઠાકાંડના બનાવમાં મોતનો આંકડો આજે વધીને ૮૧ ઉપર પહોંચી ગયો હતો. ૩૫ લોકો હજુ પણ જુદી જુદી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેપૈકી ૧૨થી વધુ લોકોની હાલત હજુ પણ ગંભીર બનેલી છે. ૨૦૦૪માં વિખરૌલી ખાતે લઠ્ઠાકાડના બનાવમાં ૮૯ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૦૪ના લઠ્ઠાકાડના બનાવ બાદ આને સૌથી મોટા બનાવ તરીકે ગણવામાં આવે છે. આજે ઝેરી શરાબ પીવાના કારણે અસરગ્રસ્તો પૈકી વધુ ૧૩ લોકોના મોત થઈ ગયા હતા. બીજી બાજુ સ્થાનિક લોકોમાં ભારે નારાજગી દેખાઈ રહી છે. લોકોનો આક્ષેપ છે કે મુંબઈ પોલીસ અને એક્સાઈઝ વિભાગ બિલકુલ નિષ્ક્રિય છે. નારાજ લોકોએ દોષિતોને મૃત્યુદંડની સજા આપવાની માંગ કરી છે. હજુ લઠ્ઠાકાંડના બનાવને લઈને હોબાળો જારી રહે તેવી શક્યતા છે. હોસ્પિટલમાં ભારે અંધાધુંધી પ્રવર્તી રહી છે. બીજી બાજુ પોલીસ પર આને લઈને દબાણ વધી ગયું છે. સમગ્ર મામલામાં લાપરવાહી રાખવા બદલ આઠ પોલીસઅધિકારીઓને પહેલાથી જ સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. હજુ પણ પોલીસ અધિકારીઓ પણ સકંજામાં આવી શકે છે. આ સંદર્ભમાં ૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ તમામની પુછપરછ ચાલી રહી છે. પુછપરછના આધાર પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. બીજી બાજુ પોલીસે ગઈકાલથી ઉંડી તપાસ હાથ ધરીને દરોડા પાડવાની કાર્યવાહી હાથ ધરી છે. કેટલાક લોકોની પુછપરછ પણ કરવામાં આવી છે. જો કે કોઈ નક્કર કડી હજુ હાથ લાગી નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ ઝેરી શરાબનો શિકાર થયેલા અન્ય ૩૫ લોકોને મુંબઈની જુદી જુદી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઝેરી શરાબ પીવાનો મામલો મુંબઈમાં મલાડના માલવણી વિસ્તારમાં બન્યો હતો. જુરાસિક પાર્કમાં ઝેરી શરાબનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. માલવણી વિસ્તારમાં સ્થિત જુરાસિક પાર્કમાં કેટલાક લોકોએ ઝેરી શરાબ પીધા બાદ તેમને માઠી અસર થઈ હતી. તેમની આંખોમાં બળતરા અને પેટમાં દુખાવાની શરૂઆત થઈ હતી. ઝેરી શરાબ પીધા બાદ કેટલાક લોકો થોડાક સમયમાં જ બેભાન થઈ ગયા હતા. ત્યારબાદ લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કેટલાક લોકોને હોસ્પિટલ લઈ જવાઈ તે પહેલા જ મૃત જાહેર કરી દેવામાં આવ્યા હતા. જુદી જુદી હોસ્પિટલમાં આઈસીયુમાં રહેલા અન્ય ૧૫ પૈકી સાતની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મુંબઈ પોલીસની તપાસ હવે ક્રાઈમ બ્રાંચને સોંપી દેવામાં આવી છે. ક્રાઈમ બ્રાંચની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને ઝેરી શરાબ સેમ્પલ લઈને તપાસ હાથ ધરાઈ છે. રાજ્યમાં લઠ્ઠાકાંડ અને ઝેરી શરાબ ક્યાથી આવ્યો તેને લઈને તપાસ બાદ જ વિગત મળી શકશે. ગઈકાલે ઝેરી શરાબ પીધા બાદ વધારે લોકોના મોત તેની અસર હેઠળ થયા હતા.

બિહારમાં પાંચ માઓવાદીની ઘાતક હથિયારો સાથે ધરપકડ

પટણા,તા.૨૦

બિહારના અડવાલ જિલ્લામાં કોબ્બિંગ ઓપરેશન દરમિયાન પાંચ માઓવાદીઓની આજે ધરપકડ કરવામાં આવી હતી. આગામી વિધાનસભાની ચૂંટણી પહેલા આ તમામની ધરપકડ કરવામાં આવી હતી. અરવાલના પોલીસ અધિકારી માનવજિતસિંહ ધિલ્લોને કહ્યું છે કે, ધરપકડ કરવામાં આવેલા માઓવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારુગોળાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. સુરક્ષા જવાનોની ટુકડીએ જિલ્લામાં રામપુર ચૌરામ ગામમાં દરોડા પાડ્યા હતા અને બાતમીના આધારે તેમને પકડી પાડ્યા હતા. માઓવાદીઓની આકરી પુછપરછ કરવામાં આવી રહી છે. બિહારમાં ૩૭ જિલ્લાઓ પૈકી કેટલાક એવા જિલ્લાઓ છે જેમાં માઓવાદીઓ મોટાપાયે સક્રિય રહેલા છે જે જિલ્લાઓમાં માઓવાદીઓ સક્રિય થયેલા છે તેમાં અરવાલનો પણ સમાવેશ થાય છે. પોલીસ દ્વારા કોબ્બિંગ ઓપરેશન વધુ તીવ્ર બનાવી દેવામાં આવ્યું છે. બિહારમાં સપ્ટેમ્બર અથવા ઓક્ટોબરમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ શકે છે. અલબત્ત ચૂંટણી પંચ દ્વારા હજુ કાર્યક્રમની જાહેરાત કરાઈ નથી પરંતુ ચૂંટણીની તૈયારી શરૂ થઈ ચુકી છે. જુદા જુદા રાજકીય પક્ષો તૈયારીઓમાં લાગી ગયા છે.

ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને પાકનો ગોળીબાર

જમ્મુ,તા.૨૦

જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાની સૈનિકોએ ફરી એકવાર ગોળીબાર કરીને તંગદિલી વધારી દેવાના પ્રયાસો કર્યા છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાની સૈનિકોએ આંતરરાષ્ટ્રીય સરહદના અરણિયા વિસ્તારમાં પિન્ડી ખાતે બીએસએફની ચોકી ઉપર ગોળીબાર કર્યો હતો. બીએસએફની ચોકીને ટાર્ગેટ બનાવીને આ ગોળીબાર કરવામાં આવ્યો છે.

પાકિસ્તાની રેન્જર્સે યુદ્ધવિરામની સમજૂતિનો ભંગ કરીને આ ગોળીબાર કર્યો હતો. અધિકારીઓએ કહ્યું છે કે, બીએસએફના જવાનોએ સરહદી વાડ નજીક ગોળીબાર કર્યો હતો. જો કે, ભારતીય જવાનોએ કોઈ જવાબી કાર્યવાહી કરી ન હતી. બંને પક્ષો તરફથી કોઈપણ ખુવારી થઈ નથી. પાકિસ્તાની સૈનિકોએ જોરદાર ગોળીબાર કર્યો હોવા છતાં ભારત તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર વારંવાર પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવે છે જેથી સ્થિતિ હંમેશા તંગ રહે છે. આ વર્ષે પણ પાકિસ્તાને અનેક વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યોછે. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબાર અંગે ટોચના અધિકારીઓએ કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ જાણવા મળ્યું છે. આ સંદર્ભમાં ટોચના સ્તરે રજૂઆત કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા ઉપર પાકિસ્તાની સૈનિકો દ્વારા વારંવાર ગોળીબાર કરવામાં આવે છે. ભારત તરફથી પણ ઘણી વખત જવાબી કાર્યવાહી કરવામાં આવી છે. સરહદ પારથી આતંકવાદીઓને ઘુસાડવાના હેતુસર વારંવાર પાકિસ્તાની સેના દ્વારા ગોળીબાર કરવામાં આવે છે તે બાબત સાબિત થઈ ચુકી છે. પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પ પણ ચાલી રહ્યા છે.

ગુડગાંવ : મહિલા પર સાત શખ્સો દ્વારા રેપ

ગુડગાંવના સુસાંત લોકવિસ્તારમાં એક ગેસ્ટહાઉસમાં સાત લોકો દ્વારા ૨૨ વર્ષીય મહિલા ઉપર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હોવાના અહેવાલ આવ્યાછે. શુક્રવારના દિવસે ફરિયાદ કરવામાં આવ્યા બાદ આ સંદર્ભમાં તપાસ હાથ ધરવામાં આવી છે. પશ્ચિમ બંગાળની મહિલા સામૂહિક બળાત્કારનો શિકાર બની છે. તેનું કહેવું છે કે, કપિલ અને તેના મિત્રો દ્વારા તેના ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. મેડિકલ તપાસમાં બળાત્કારને સમર્થન મળ્યું છે પરંતુ આ મામલાને લઈને પોલીસ હજુ વાત કરવાની સ્થિતિમાં નથી. ભોગ બનેલી મહિલાએ કબૂલાત કરી છે કે, તે કપિલને ઓળખતી હતી. ગુનાના દિવસે માર્કેટમાં તેને મળી હતી જ્યાંથી તેઓ ગેસ્ટહાઉસમાં ગયા હતા. ગેસ્ટહાઉસમાં કપિલના છ મિત્રો પણ તેમના રૂમમાં ઘુસી ગયા હતા અને તેના ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. એફઆઈઆર દાખલ કરીને મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

યોગને લઈ ધર્મ સામે ખતરો નથી : રામદેવ

નવી દિલ્હી,તા.૨૦

યોગગુરુ બાબા રામદેવે આજે ધર્મના નામે યોગથી દૂર રહેવાની વાત કરી રહેલા લોકોની જોરદાર ઝાટકણી કાઢી હતી. સ્કૂલોમાં સૂર્ય નમસ્કારની પ્રક્રિયા અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવાથી દૂર ભાગી રહેલા લોકોની રામદેવે ઝાટકણી કાઢી હતી. રામદેવે કહ્યું હતું કે, યોગના કારણે જો ધર્મ નબળો પડી શકે છે તેવું સંકટ ઉભુ થાય છે તો તેવા નબળા ધર્મને છોડી દેવાની જરૂર છે. યોગથી કોઈ ધર્મ નબળો પડે તે વાત બિલકુલ આધારવગરની છે. કટ્ટરપંથી લોકોની રામદેવે જોરદાર ઝાટકણી કાઢી હતી. ઋષિકેશમાં પરમરથ આશ્રમ દ્વારા આયોજિત કાર્યક્રમમાં બોલતા બાબા રામદેવે વિરોધના આધારને પડકાર ફેંક્યો હતો. બાબા રામદેવે કહ્યું હતું કે, યોગ એક સામાન્ય પ્રક્રિયા છે. કોઈના ધર્મ પર તેને લઈને ખતરો ઉભો થઈ ગયો છે. બાબા રામદેવ યોગને ક્રેડિટ આપે છે.

ફાધર્સ ડે (અનુસંધાન પાના નં. ૪ નું ચાલુ)

કક્ષના દ્વાર ખૂલ્યાં તો તેને એક આંચકો લાગ્યો. તેણે જોયું કે રાજાના સિંહાસન પર એ જ ભીખારી બેઠો હતો, જેને તેણે રસ્તાની કોરે મળ્યો હતો અને તેણે એ જ કપડાં પહેર્યાં હતાં, જે તેણે તેને (ભીખારીને) આપ્યાં હતાં. એ ભીખારીને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો કે આ ભીખારી જ રાજા હતો.

રાજા પોતાના સિંહાસન પરથી ઉતર્યા અને તેમણે તેને (યુવાનને) આલીંગન આપ્યું અને કહ્યું, ''તારું સ્વાગત છે, મારા પુત્ર!''

આ વાર્તા એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે કે પ્રત્યેક પિતા પોતાનાં સંતાનો પાસે કેવી આશા રાખે છે. પિતા પરમેશ્વર જ આપણાં માતાપિતા છે, જે આપણા સૌનું ધ્યાન રાખે છે. પ્રત્યેક માતાપિતા પોતાનાં સંતાનોમાં કોઈ ને કોઈ ગુણ જુએ છે, જે માતાપિતાનાં મૂલ્યો પર આધારિત છે. પ્રત્યેક માતાપિતા ઈચ્છે છે કે તેનો પુત્ર કે પુત્રી મોટાં થઈને એક સાચો માનવી બને. જોકે, માતાપિતા પોતાનાં સંતાનો પાસેથી ઘણી અપેક્ષા રાખે છે. કહેવાનો અર્થ એ છે કે તેઓ ઈચ્છે છે કે તેમનું સંતાન મોટું થઈને એક સારો માનવી બને.

પિતા પરમેશ્વર આપણાથી અલગ નથી. પરમાત્માએ આત્માને પોતાના જેવા જ બનાવ્યા છે. સમગ્ર માનવજાતિ પિતા પરમેશ્વરના સ્વરૂપના આધારે બનાવાઈ છે. પિતા પરમેશ્વર ઈચ્છે છે કે આપણામાંથી દરેક એ મહાન છબિ પ્રમાણે જ પોતાનું જીવન વિતાવે. આત્મા પ્રત્યેક મનુષ્યમાં હોય છે. આપણું મન જ આપણને પિતા પરમેશ્વરથી દૂર કરી દે છે.

આ વાર્તામાં રાજાએ જે વિવરણ અને કસોટી પુત્ર અને પુત્રીને પસંદ કરવા માટે રાખી, તે એ હતી કે તે પિતા પરમેશ્વરની સાથેસાતે પોતાના પડોશીને પણ પ્રેમ કરનારાં હોવાં જોઈએ. તેનો અર્થ એ છે કે ધન, શક્તિ, પ્રતિષ્ઠા અને બાહ્ય સુંદરતાથી વધુ મહત્ત્વ આ મૂલ્યોને આપતાં હતાં. આ જ રીતે પિતા પરમેશ્વર આપણી પાસેથી પણ એ જ ઈચ્છે છે. તેઓ ઈચ્છે છે કે પિતા પરમેશ્વર અને તેમણે બનાવેલી સૃષ્ટિમાં પ્રત્યેક સાથે પ્રેમાળ વ્યવહાર કરે. આ ઉદ્દેશ્ય સાથે આ સૃષ્ટિનું નિર્માણ કરાયું હતું. એવું કહેવાય છે કે પિતા પરમેશ્વરે સમગ્ર માનવજાતિને એકબીજા સાથે પ્રેમ અને દયાનો ભાવ રાખવા માટે બનાવ્યા છે, નહીં તો જો પિતા પરમેશ્વરને ભક્તિ જ કરાવવી હોત તો ફિરસ્તા જ પૂરતા હતા. તમામ લોકો તેમને પ્રેમ અને તેમની આરાધના કરે છે. આમ છતાં પિતા પરમેશ્વરે માનવીને માત્ર પોતાને પ્રેમ કરવા માટે નહીં પરંતુ એકબીજાને પ્રેમ કરવા માટે બનાવ્યા છે.

રાજા અને ખેડૂતના પુત્રની વાર્તા આપણા માટે એક ઉદાહરણ છે. જે પોતાના સાથીઓને પ્રેમ કરે છે, એ પિતા પરમેશ્વરને સારું લાગે છે. તેના આ વિશિષ્ટ ગુણે રાજાનું ધ્યાન તેના પ્રત્યે આકર્ષિત કર્યું અને પોતાના પુત્ર તરીકે પસંદ કર્યો. આ જ રીતે આ ધરતી પર કરોડો આત્મા છે. ઘણા લોકો સ્વાર્થી અને બેદરકારીભર્યું જીવન જીવી રહ્યા છે. ઘણા લોકો અનિયંત્રિત છે, તેઓ અધિકાર, સાહ્યબી, સત્તા, માન-પ્રતિષ્ઠા ઈચ્છે છે. તેનો અર્થ એ છે કે તેઓ બીજી દિશામાં ડગ માંડી રહ્યા છે જ્યારે પિતા પરમેશ્વર ઈચ્છે છે કે આપણે માત્ર તેમને જ પ્રેમ ન કરીએ, પરંતુ દરેકની સાથે પ્રેમનો વ્યવહાર કરીએ. જે લોકો એવું કરતા હોય છે એ સાચા અર્થમાં પિતા પરમેશ્વરનાં સંતાનો છે.

આજના દિવસે આપણે આપણા પિતાને સન્માન આપવા વિશે વિચાર કરીએ છીએ. તેની સાથેસાથે આપણે પિતા પરમેશ્વર, જે આપણા સૌથી મોટાં માતાપિતા છે, તેમને પણ સન્માન આપવું જોઈએ. તેનો સૌથી સારો પ્રયત્ન એ છે કે આપમે તેમને યાદ કરીને, તેમની મહેરબાની માટે જે આપણને આપણા જીવનમાં તેમની પાસેથી મળી છે, આભાર માનવો જોઈએ અને બીજું, જે મહાન ઉદ્દેશ્ય માટે આપણને મનુષ્યજીવન મળ્યું છે, તે સિદ્ધ કરીએ.

આવો, આપણા આ દિવસ પિતા પરમેશ્વર પાસેથી જે સફળતા મળી છે, તેનો આભાર માનીએ.

બાંગ્લાદેશ સામે આજે જીત મેળવવા ભારત પર દબાણ

મીરપુર,તા.૨૦

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આવતીકાલે ત્રણ વનડે મેચોની શ્રેણીની બીજી વનડે મેચ રમાનાર છે. મીરપુર ખાતે પ્રથમ વનડે મેચમાં ભારત જેવી શક્તિશાળી ટીમ પર ૭૯ રને જીત મેળવી લીધા બાદ બાંગ્લાદેશ આ શ્રેણી જીતીને ઈતિહાસ રચવા માટે ઉત્સુક છે. બીજી બાજુ મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ આ મેચ જીતીને શ્રેણીને જીવંત રાખવા માટેના પ્રયાસ કરશે. બાંગ્લાદેશ ત્રણ વનડે મેચોની શ્રેણીમાં ૧-૦ની લીડ ધરાવે છે. પ્રથમ વનડે મેચમાં બાગ્લાદેશે ઘરઆંગણે ભારતને બોલિંગ, ફિલ્ડિંગ અને બેટિંગમાં હાર આપી હતી. મુસ્તાફીઝુરે ૫૦ રન આપી પાંચ વિકેટ ઝડપી તરખાટ મચાવ્યો હતો. હવે આવતીકાલની મેચમાં ભારતીય બેટ્સમેનો કેવી રમત રમે છે તેના પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ધોનીની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગેલી છે. આ મેચને લઈને બન્ને ટીમો પોત પોતાની અંતિમ વ્યુહરચના તૈયાર કરી ચુકી છે. બાંગ્લાદેશ સામેની વનડે શ્રેણીને ભારતીય ટીમ આ વખતે હળવાશથી લેવા માટે તૈયાર નથી. આવતીકાલની મેચમાં સંપૂર્ણ ટીમ મેદાનમાં ઉતરનાર છે. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ હાલમાં હોટફેવરીટ દેખાઈ રહી છે પરંતુ બાંગ્લાદેશ હમેંશા ઘરઆંગણે તમામ ટીમો સામે લડાયક દેખાવ કરતુ રહ્યુ છે જેથી ટીમ ઈન્ડિયાને સાવધાન રહેવુ રહેશે. આંકડા પર નજર કરવામાં આવે તો ભારતીય ટીમ ખુબ આગળ છે. આ બન્ને ટીમો વચ્ચે જે મેચો રમાઈ છે તે પૈકી ભારત ૨૫ મેચ જીત્યું છે. વર્ષ ૧૯૮૮ બાદથી તેમની વચ્ચે મેચો રમાઈ રહી છે. બાંગલાદેશ ચાર મેચો જીત્યું છે. જ્યારે એક મેચનુ પરિણામ આવ્યું નથી. મેચને લઈને મજબુત સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. મીરપુરમાં શેરએ બાંગલા સ્ટેડિયમ ખાતે તમામ ત્રણેય મેચો રમાનાર છે. વરસાદની શક્યતાને ધ્યાનમાં લઈને આ વખતે રિઝર્વ ડે રાખવામાં આવ્યા છે. બાંગલાદેશે હાલમાં ઘરઆંગણે પાકિસ્તાનને હાર આપી હતી. ભારતીય ટીમ ગયા વર્ષે પણ રમી હતી. જેમાં ભારતે રૈનાના નેતૃત્વમાં ૨-૦થી જીત મેળવી હતી. ભારતીય ટીમ બાંગ્લાદેશ જેવી ટીમ સામે સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. તમામ ખેલાડી શાનદાર ફોર્મમાં આવી જતા ટીમની છાવણીમાં અને ચાહકોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું છે. આવતીકાલની મેચમાં નવા રેકોર્ડ પર નજર રહેશે.

ઓરિસ્સા : ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે

ભુવનેશ્વર,તા.૨૦

ડિપ્રેશનના પરિણામ સ્વરુપે ઓરિસ્સાના જુદા જુદા ભાગોમાં આવતીકાલે ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી આપવામાં આવી છે. બંગાળના અખાત ઉપર ડિપ્રેશનની સ્થિતિ સર્જાયેલી છે. હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, નવેસરથી સેટેલાઈટ ફોટાઓ જે લેવામાં આવ્યા છે તેમાં સંકેત મળે છે કે, બંગાળના અખાત પર લોપ્રેશરની સ્થિતિ સર્જાયેલી છે. આંધ્રપ્રદેશ અને દક્ષિણી